અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તારીખ:-૨૧/૦૮/૨૦૨૪

सत्यमेव जयते

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## પ્રથમ અહેવાલ

### કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

### (પશુપાલન પ્રભાગ હેઠળ અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની તપાસ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગાંધીનગર

૨૦૨૪

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(વર્ષ ૨૦૨૪-૨૫)**

## પ્રમુખશ્રી

શ્રી અભેસિંહ તડવી

## સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઇ ખરાડી

શ્રી પી. સી. બરંડા

શ્રી મહેશભાઇ ભુરીયા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી કનૈયાલાલ કિશોરી

ડૉ. દર્શના દેશમુખ

શ્રી રીતેશકુમાર વસાવા

શ્રી મોહનભાઈ કોંકણી

ડૉ.જયરામભાઇ ગામીત

શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી.એમ.પટેલ - સચિવ

શ્રી પાર્થ પ્રજાપતિ - સમિતિ સચિવ

શ્રી જસ્મીન કાવઠિયા - શાખા અધિકારી

# અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(વર્ષ ૨૦૨૩–૨૪)**

## પ્રમુખશ્રી

શ્રી અભેસિંહ તડવી

## સભ્યશ્રીઓ

શ્રી કાન્તીભાઇ ખરાડી

શ્રી પી. સી. બરંડા

શ્રી મહેશભાઇ ભુરીયા

શ્રી શૈલેષભાઇ ભાભોર

શ્રી કનૈયાલાલ કિશોરી

ડૉ. દર્શના દેશમુખ

શ્રી રીતેશકુમાર વસાવા

શ્રી મોહનભાઈ કોંકણી

ડૉ.જયરામભાઇ ગામીત

શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા

## ગુજરાત વિધાનસભા સચિવાલય

| | | |
|---|---|---|
| શ્રી ડી.એમ.પટેલ | - | સચિવ |
| શ્રી પાર્થ પ્રજાપતિ | - | સમિતિ સચિવ |
| શ્રી જસ્મીન કાવઠિયા | - | શાખા અધિકારી |

# અહેવાલ

૧. હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ, પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

૨. સમિતિએ આ અહેવાલ ઉપર તેની તા.૨૩/૦૭/૨૦૨૪ની બેઠકમાં વિચારણા કરી તેને સર્વાનુમતે મંજૂર કર્યો હતો.

૩. સમિતિએ પશુપાલન પ્રભાગ હેઠળ અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની તપાસ હાથ ધરવાનું નક્કી કરેલ જેના અનુસંધાને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ પાસેથી તા.૦૧/૧૧/૨૦૨૧ના પત્રથી સાહિત્ય મંગાવવામાં આવેલ હતુ. વિભાગ દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૩ના રોજ સંબંધિત સાહિત્ય મોકલી આપેલ હોઇ સમિતિએ તા.૨૮/૧૧/૨૦૨૩ના રોજ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ અંતર્ગત પશુપાલન પ્રભાગ હેઠળ અનુસૂચિત જનજાતિઓ માટેની યોજનાઓની સમીક્ષા કરી હતી અને ઉક્ત યોજનાઓની કામગીરી અંગેની વિગતવાર તપાસ હાથ ધરી હતી. ઉક્ત તપાસમાં વિભાગના સચિવ તેમજ પશુપાલન નિયામક સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૪. સમિતિએ પશુપાલન પ્રભાગ હેઠળની યોજનાઓ આદિજાતિની વધુ વસતી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં લોકો સુધી પહોંચે છે કે કેમ અને લોકો તેનો લાભ કઇ રીતે લે છે તે અંગેની પૃચ્છા કરતા પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે તમામ યોજનાઓની પારદર્શક રીતે અમલવારી કરવામાં આવે છે જેમાં લાભાર્થીએ ગુજરાત સરકારના ખેડૂત આઇ-પોર્ટલ

(www.ikhedut.gujarat.gov.in) પર ઓનલાઇન અરજી કરવાની રહે છે અને તમામ લાભાર્થીઓને તેમના બેંક ખાતામાં સીધી સહાય (D.B.T.) ચૂકવવામાં આવે છે.

૫. સમિતિએ વિદ્યુત સંચાલિત ચાફ કટર આપવાની યોજના અંતર્ગત પૃચ્છા કરેલ કે ઉક્ત યોજનાનો લાભ પાંચ કે તેથી વધુ પશુઓ ધરાવતાં હોય તેમને મળે છે પરંતુ ગરીબ આદિવાસી સમાજમાં પાંચથી ઓછા પશુઓ ધરાવનાર ઉક્ત સહાયથી વંચિત રહી જાય છે આ બાબતે વિભાગનું આયોજન બાબતની પૃચ્છા સંબંધમાં પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે, જે પશુપાલક ચાફકટર લેવા ઇચ્છતા હોય એમના માટે 'પાંચ દૂધાળા પશુઓને બાદ રાખ્યા વગર' એ રીતે ઉક્ત યોજનાના ઠરાવમાં સુધારો કરી શકીએ છીએ. ઉક્ત સંદર્ભે વિભાગના સચિવશ્રીએ પાંચથી ઓછા પશુ હોય તો કદાચ પશુપાલકને પોષાય નહિ તે બાબતને ધ્યાનમાં રાખીને ઠરાવમાં પાંચ પશુની મર્યાદા રાખવામાં આવી છે તેમ જણાવેલ હતુ. સચિવશ્રીએ ભાગીદારીમાં ઇલેક્ટ્રીક ચાફ કટર આપવાની વાત કરેલ હતી પરંતું સમિતિના મતે ભાગીદારીમાં વિવાદ થવાની શક્યતાઓ રહેલી હોઈ **વિભાગ વ્દારા ઉક્ત યોજનામાં સમિતિનું સૂચન ધ્યાનમાં લઇને તેના ઉપર વિચારણા કરીને સકારાત્મક નિર્ણય લઇશું તેમ જણાવેલ હતું. આથી સમિતિ અનુસૂચિત જનજાતિના દરેક વંચિતોને વિદ્યુત સંચાલિત ચાફ કટર યોજનાનો લાભ મળે તે રીતે સકારાત્મક નિર્ણય લઇ યોજનામાં જરૂરી સુધારા કરવા ભલામણ કરે છે.**

૬. સમિતિએ કેટલ શેડ બાંધકામ માટેની યોજના અંગે પૃચ્છા કરતા પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે ઉક્ત યોજનામાં બેન્ક લોન લાભાર્થીએ મંજૂર કરાવવાની હોય છે જેથી ઉક્ત

યોજનામાં નિયત કરેલ લક્ષ્યાંક મેળવી શકાતો નથી વધુમાં તેમના જણાવ્યા મુજબ **જો અનુસૂચિત જનજાતિના વિસ્તારમાં પણ આ પ્રકારના કેટલ શેડની માંગણીઓ આવતી હોય તો જેમ અનુસૂચિત જાતિ માટે કેટલ શેડ યોજના છે તે જ રીતે એક નવી યોજના તરીકે અનુસૂચિત જન જાતિ માટે પણ કેટલ શેડ યોજના શરૂ કરી શકાય. સમિતિ વિભાગને આ અંગે યોગ્ય વિચારણા કરી નિર્ણય કરવા અને તદનુસાર નવી યોજના તરીકે અનુસૂચિત જનજાતિ માટે પણ કેટલ શેડ યોજના શરૂ કરવા ભલામણ કરે છે.**

૭. સમિતિએ અકસ્માતે પશુ મૃત્યુ સહાય યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવે છે તથા ઉક્ત યોજનામાં વાહન અકસ્માતના કારણે મૃત્યુ પામનાર પશુના માલીકનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ અને જો ના તો કેમ અને ઉકત પ્રકારના બનાવો માટે અન્ય કોઇ વૈકલ્પિક યોજનામાં સહાય આપવામાં આવે છે કેમ. જેમ કે ઘણી વખતે પશુઓ વીજળી પડવાથી મરી ગયા તો જો પશુનું મોત થાય તો આપણે એના માટે કોઇ વ્યવસ્થા કરવી જોઇએ તેમ જણાવેલ હતુ. ઉક્ત સંદર્ભમાં પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે એમાં બે પ્રકારની યોજના કાર્યરત છે. એક ઉર્જા વિભાગની છે કે જેમાં વીજળીનો થાંભલો પડવાથી પશુ મૃત્યુ પામ્યું હોય તો એની સામે પશુપાલકોને પૈસા મળે છે અને પશુપાલકો એનો લાભ પણ લે છે. બીજી યોજના પશુપાલન વિભાગની છે જેમાં ગાય, ભેંસ કે બળદ મૃત્યુ પામે તો આપણે રૂ.૧૬,૪૦૦ જેટલા આપીએ છીએ. જો ઊંટ અને ઘોડા હોય તો રૂ.૧૫,૦૦૦ આપીએ છીએ. નાના વાછરડા/વાછરડી, પાડા/પાડી હોય તો રૂ.૧૦,૦૦૦ આપીએ છીએ. ઘેટાં-બકરાં હોય તો રૂ.૧૬૫૦ આપીએ છીએ. ઉક્ત બાબતના અનુસંધાને વિભાગના સચિવે જણાવેલ કે આ સહાયમાં સુધારો સુચવવામાં આવેલ છે અને તે

બાબત રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે. **સમિતિ અવલોકન કરે છે કે વર્તમાન સમયમાં પશુ મૃત્યુ સહાયની રકમ ખુબ ઓછી હોઇ તેમાં સુધારો થવો જોઇએ આથી ઉક્ત સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા સમિતિ ભલામણ કરે છે.**

૮. સમિતિએ ઘાસચારા બિયારણ મિની કિટ્સ સહાય યોજનામાં શું આપવામાં આવે છે અને તેમાં ગજરાજ ઘાસનું બિયારણ મળી શકે કે કેમ તે અંગેની પૃચ્છા કરેલ જેના અનુસંધાને નિયામકશ્રી પશુપાલને જણાવ્યા પ્રમાણે મોટાભાગે જે પશુપાલકો ખેતી કરે છે તેની પરાળ બની હોય અથવા બાય પ્રોડક્ટ હોય તે જ પશુને ખવડાવવામાં આવે છે પણ તેના લીધે પશુઓને પોષણના અભાવે તેની ઉત્પાદન ક્ષમતાના પ્રમાણે પશુપાલકો પૂરૂં ઉત્પાદન મેળવી શકતા નથી. રાજ્ય સરકારની આ યોજનામાં બાજરી, જુવાર, રજકો વગેરે બિયારણની ૭ કિલો જેટલી કિટ ત્રણેય સીઝનમાં વિનામૂલ્યે આપીએ છીએ તથા હાલમાં ગજરાજ ઘાસ આપવામાં આવતુ નથી **આથી સમિતિ ઘાસચારા બિયારણ મિની કિટ્સ સહાય યોજનામાં ગજરાજ ઘાસ બિયારણ ઉમેરવા ભલામણ કરે છે.**

૯. સમિતિએ પશુપાલન પ્રભાગની ઉક્ત તપાસ દરમિયાન એક બાબતનું અવલોકન કરેલ હતુ કે પશુપાલન અધિકારી પાસેથી જિલ્લાવાર કે તાલુકાવાર કોઇ ધારાસભ્યને યોજનાકીય માહિતી મળતી નથી. ધારાસભ્યોને એમણે મળવું જોઇએ અને માહિતી આપવી જોઇએ કે આપના વિસ્તારમાં આટલી આટલી યોજના અમારા વિભાગ દ્વારા કરવા જઇ રહ્યા છીએ અને સરકારની જે યોજનાઓ છે એ યોજનાઓ લોકો સુધી પહોંચે એ પ્રમાણેની વ્યવસ્થામાં બધાને સહભાગી બનાવે. આથી, **સમિતિ જે–તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યશ્રીને ખાતાની યોજનાકીય**

**અમલવારીની વિગતો/ માહિતી પશુપાલન અધિકારીશ્રી મારફત મળે તેવી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે.**

૧૦. સમિતિએ રાજયમાં પશુ ડોક્ટરોની ખાલી જગ્યાઓ પરત્વે પૃચ્છા કરેલ જેના અનુસંધાને પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે પશુ ડોકટરની ૪૦ જગ્યાની નવી ભરતી તાજેતરમાં જ કરી છે અને બીજા ૧૩૦ પશુ ડોકટરો નજીકના ભવિષ્યમાં મળશે એટલે આપણને ૧૭૦ જેટલા પશુ ડોકટરો મળશે. બીજુ પશુ પાલકોને તકલીફ ન પડે ખાસ કરીને કેમ કે પશુને દવાખાને લઇ જવું ખૂબ મુશ્કેલ હોય છે અને સ્થાયી પશુ દવાખાનું તાલુકા પ્લેસ પર હોય એટલે **૧૦ ગામ વચ્ચે એક ફરતું પશુ દવાખાનું આપવાની યોજના** પણ ચાલે છે. રાજયમાં ૪૬૦ મોબાઇલ એમ્બ્યુલન્સ કાર્યરત છે અને ૫૩૦૦ જેટલા ગામડાઓમાં સેવા આપે છે. ઉક્ત સંબંધમાં સમિતિએ અવલોકન કરેલ હતુ કે **આ વાન ૧૦ ગામ સિવાય બાજુના ગામમાં જતી નથી અને સરકાર વ્દારા જે ૧૦ ગામ સિલેક્ટ કરીને આપવામાં આવે છે તેના સિવાય એ જ ગામની બાજુમાં બીજું ગામ આવેલું હોય કે એ ગામમાંથી વાન પસાર થતી હોય છે ત્યારે ત્યાં એ લોકો એમ કહે છે કે આ અમારું ગામ નથી એટલે કે તે લોકો ઉક્ત સહાયથી વંચિત રહી જાય છે તેના માટે પણ કઇંક વિચારવુ પડે.** તેના જવાબમાં વિભાગના સચિવના જણાવ્યા મુજબ આ જે વાન ફરે છે એને આપણે ચોક્કસ ગામો નક્કી કરીને આપી દેવા પડે છે જો તેમને છૂટછાટ આપીશું તો મોનિટરીંગ શક્ય નહિ બને. આથી, પશુપાલન નિયામકે જણાવ્યુ હતુ કે **નજીક નજીક હોય અને ૧૦ના બદલે ૧૨ ગામ થતાં હશે તો તે લિસ્ટમાં ઉમેરી દેવાશે. વિભાગના સચિવે પણ જે ગામમાંથી વાન પસાર થાય એ ગામ રહી ગયું હોય તો તેને ઉમેરી દેવા**

**માટે ફેરફાર કરવા માટે સંમતિ દર્શાવી હતી. આથી સમિતિ ઉક્ત યોજનામાં જે ગામો બાકી રહી જાય છે તેમના સુધી યોજનાનો લાભ પહોંચાડવા ભલામણ કરી જરૂર જણાય ત્યાં રૂટ અને ગામો પરત્વે પુન: વિચારણા કરી યોજનાનો બહોળો લાભ મળે તે પ્રમાણે લોકો સુધી ફરતા પશુ દવાખાના યોજનાનો લાભ પહોચાડવા સમિતિ ભલામણ કરે છે.**

૧૧. ૧૦૦ બ્રોઇલર પક્ષી ફાર્મની યોજનાનો લાભ અનુસૂચિત જનજાતિના વર્ગને આપવામાં આવે છે કે કેમ તે અંગેની સમિતિની પૃચ્છાના સંબંધમાં પશુપાલન નિયામકના જણાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિ માટે બ્રોઇલરની યોજના અમલમાં નથી પરંતુ અનુસૂચિત જાતિ માટે આ પ્રકારની યોજના અમલમાં છે. આથી, **સમિતિ જે રીતે અનુસૂચિત જાતિ માટે આ યોજના ઉપલબ્ધ છે તે જ રીતે ૧૦૦ બ્રોઇલર/ દેશી પક્ષી ફાર્મની યોજના અનુસૂચિત જનજાતિ માટે લાગુ કરવામાં આવે તે મુજબ ભલામણ કરે છે.**

૧૨. **સમિતિએ પશુપાલકો માટેની જે યોજનાઓ ચાલે છે તેનાથી આદિવાસી લોકો વાકેફ થાય તે માટે કોઇ જાગૃતિ કેમ્પ કરીએ છીએ કે કેમ તે અંગે પૃચ્છા કરેલ અને સુચન કરેલ હતુ કે દરેક વિસ્તારના ધારાસભ્યોને માહિતી આપવામાં આવે જેથી તેઓ પણ હાજર રહે અને માહિતી મેળવી શકે અને લોકો સુધી સરકારની યોજનાઓ પહોંચાડી શકે. વધુમાં સમિતિએ ડુંગર વિસ્તારમાં કે એવા અંતરિયાળ વિસ્તારો કે જ્યા રોડ કનેક્ટિવિટી નથી ત્યાં પશુપાલન વિભાગના અધિકારીઓ અલાયદી/ ખાસ વ્યવસ્થા ગોઠવીને પણ ત્યાંના પશુપાલકો સાથે બેઠક કરે તથા પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ મળે અને આદિવાસી વર્ગના લોકો તેનો લાભ લઇ શકે અને એ માટેની**

**યોજનાઓ રાજ્યના છેવાડાના લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા અને યોજનાકીય આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.**

૧૩. સમિતિની તપાસ દરમિયાન કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સચિવ, પશુપાલન નિયામક સહિત અન્ય અધિકારીઓનો, સમિતિ સમક્ષ ઉપસ્થિત રહી માહિતી આપવા અને સાથ-સહકાર આપવા બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૧૪. સમિતિને મદદરૂપ થવા બદલ ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારી/ કર્મચારીઓનો પણ સમિતિ આભાર માને છે.

**ગાંધીનગર** **અભેસિંહ તડવી,**

**તા.૨૩/૦૭/૨૦૨૪** **પ્રમુખ,**

**અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિ**

## સમિતિની ભલામણો

| અનુ. નં. | ફકરા ક્રમાંક | ભલામણ |
|---|---|---|
| ૧ | ૫ | સમિતિ અનુસૂચિત જનજાતિના દરેક વંચિતોને વિદ્યુત સંચાલિત ચાફ કટર યોજનાનો લાભ મળે તે રીતે સકારાત્મક નિર્ણય લઇ યોજનામાં જરૂરી સુધારા કરવા ભલામણ કરે છે. |
| ૨ | ૭ | સમિતિ અવલોકન કરે છે કે વર્તમાન સમયમાં પશુ મૃત્યુ સહાયની રકમ ખુબ ઓછી હોઇ તેમાં સુધારો થવો જોઇએ આથી ઉક્ત સહાયની રકમમાં અનુરૂપ વધારો કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૩ | ૮ | રાજ્ય સરકારની ઘાસચારા બિયારણ મિની કિટ્સ સહાય યોજનામાં હાલમાં ગજરાજ ઘાસ આપવામાં આવતુ નથી આથી સમિતિ ઘાસચારા બિયારણ મિની કિટ્સ સહાય યોજનામાં ગજરાજ ઘાસ બિયારણ ઉમેરવા ભલામણ કરે છે. |
| ૪ | ૯ | સમિતિ જે-તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યશ્રીને ખાતાની યોજનાકીય અમલવારીની વિગતો/ માહિતી પશુપાલન અધિકારીશ્રી મારફત મળે તેવી વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે. |
| ૫ | ૧૦ | સમિતિ ૧૦ ગામ દીઠ ફરતું પશુ દવાખાનું યોજનામાં જે ગામો બાકી રહી જાય છે તેમના સુધી યોજનાનો લાભ પહોંચાડવા ભલામણ કરી જરૂર જણાય ત્યાં રૂટ અને ગામો પરત્વે પુન: વિચારણા કરી યોજનાનો બહોળો લાભ મળે તે પ્રમાણે લોકો સુધી આ યોજનાનો લાભ પહોચાડવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૧૧ | સમિતિ જે રીતે અનુસૂચિત જાતિ માટે ૧૦૦ બ્રોઇલર પક્ષી ફાર્મની યોજના ઉપલબ્ધ છે તે જ રીતે ૧૦૦ બ્રોઇલર/ દેશી પક્ષી ફાર્મની યોજના અનુસૂચિત જનજાતિ માટે લાગુ કરવામાં આવે તે મુજબ ભલામણ કરે છે. |
| ૭ | ૧૨ | સમિતિ દરેક વિસ્તારના ધારાસભ્યોને પશુપાલન વિભાગ તરફથી કરવામાં આવતા જાગૃતિ કેમ્પની માહિતી આપવામાં આવે જેથી તેઓ પણ હાજર રહે અને માહિતી મેળવી શકે અને લોકો સુધી સરકારની યોજનાઓ પહોંચાડી શકે તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા ભલામણ કરે છે. |
| ૮ | | પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ મળે અને આદિવાસી વર્ગના લોકો તેનો લાભ લઇ શકે અને એ માટેની યોજનાઓ રાજ્યના છેવાડાના લોકો સુધી પહોંચે તેવી વ્યવસ્થા અને યોજનાકીય આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે. |

-----------